**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

શ્રાવણ સુદ - ૧૩ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

લોકો ના ઉઠાવેલા ચાર સવાલ થી હિમ્મત ના હારશો દોસ્તો, કેમ કે ઘુંટણ છોલાયા વગર કોઈને સાઈકલ પણ નથી આવડતી!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૬૭ ● તારીખઃ ૨૬.૦૮.૨૦૨૬, બુધવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


# જામનગરમાં લોકમેળામાં આ વર્ષે પણ જનતા લૂંટાશે ?

## સાતમ-આઠમના દિવસે રાઇડ્સ અને ખાણી-પીણીના ભાવ વધારાના વસૂલાશે? મનપા સામે સવાલો

**સમય સંદેશઃ જામનગર**
**(ભાર્ગવી યોગેશભાઈ વ્યાસ દ્વારા)**

જામનગરમાં શ્રાવણી લોકમેળાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. મળતી વિગત અનુસાર, આગામી તા. ૧ સપ્ટેમ્બરથી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન પ્રદર્શન મેદાન ખાતે લોકમેળો યોજાવાનો છે. મનપા દ્વારા મેળાના આયોજનને લઈને ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને તાજેતરમાં થયેલી હરાજીમાં મનપાને મોટી આવક પણ થઈ હોવાનું જાણવા મળે છે.

પરંતુ મેળો શરૂ થાય તે પહેલાં જ મેળામાં આવતા સામાન્ય નાગરિકોના ખિસ્સા પર કેટલો બોજ પડશે? તે મુદ્દે સવાલો ઉઠવા લાગ્યા છે. તેનું મુખ્ય કારણ છે કે, દર વર્ષે લોકમેળા દરમિયાન ખાસ કરીને સાતમ અને આઠમના દિવસોમાં રાઇડ્સના નક્કી કરાયેલા ભાવ કરતાં વધુ ભાવ વસૂલાતા હોવાની ફરિયાદો ઉઠતી હોય છે. સામાન્ય દિવસોમાં જે રાઇડનો ભાવ હોય છે તેના કરતાં તહેવારના દિવસોમાં બમણો કે વધારે ભાવ ચૂકવવાની ફરજ પડતી હોવાની લોકોમાં રાવ રહે છે. મેળામાં પરિવાર સાથે મોજ માણવા આવતા સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારો માટે રાઇડ્સના વધારાના ભાવ સીધો આર્થિક બોજ બની શકે છે. સવાલ માત્ર થોડા રૂપિયાનો નથી, પરંતુ મેળામાં આવતા હજારો નાગરિકોના હિત અને વહીવટી તંત્રના નિયંત્રણનો છે. ખાસ કરીને તહેવારના દિવસોમાં ભીડ વધતી હોવાથી ગ્રાહકો ઘણી વખત નાની રકમના વધારાના વસૂલાત સામે ફરિયાદ કરવાનું ટાળી દે છે. મનપા દ્વારા મેળામાં રાઇડ્સના નક્કી કરાયેલા ભાવના બોર્ડ ફરજિયાત લગાવવામાં આવે, દરેક રાઇડ પર ભાવ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવે અને નક્કી કરાયેલા ભાવ કરતાં એક પણ રૂપિયો વધુ ન લેવાય તેની નિયમિત તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. સાથે જ ખાણી-પીણી અને અન્ય સ્ટોલ પર પણ છાપેલી કિંમત તથા વસૂલવામાં આવતા ભાવની ચકાસણી કરવામાં આવે અને નિયમભંગ કરનાર સામે સ્થળ પર જ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકોની માંગ છે.

### મનપા દ્વારા રાઈડ્સ માટે નક્કી કરવામાં આવેલા ભાવનો કડક અમલ કરાવવામાં આવશે ખરો?

આ વર્ષે મનપા દ્વારા રાઇડ્સ માટે નક્કી કરવામાં આવેલા ભાવનો કડક અમલ કરાવવામાં આવશે કે પછી સાતમ-આઠમની ભીડનો લાભ લઈ મનફાવે તેવા ભાવ વસૂલવાની છૂટ મળશે? માત્ર રાઇડ્સ જ નહીં, પરંતુ મેળામાં વિવિધ ખાણી-પીણી અને અન્ય વસ્તુઓના સ્ટોલ પર પણ છાપેલી કિંમત કરતાં વધુ ભાવ લેવામાં આવતા હોવાની ફરિયાદો દર વર્ષે સામે આવતી હોવાનો લોકોનો આક્ષેપ છે. જો કોઈ વસ્તુ પર ચોક્કસ કિંમત છાપેલી હોય તો ગ્રાહક પાસેથી તેનાથી વધુ રકમ વસૂલવામાં આવે છે કે કેમ તેની તપાસ પણ જરૂરી બને છે.

### લોકમેળો મોજ-મસ્તીનો બને કે મોંઘવારીનો માર બનશે તે તો આવનારો સમય જ કહેશે

મેળામાં હજારો લોકો ઉમટવાના હોય ત્યારે માત્ર નિયમો બનાવવાથી નહીં પરંતુ નિયમોનો કડક અમલ થાય તે પણ એટલું જ જરૂરી છે. હવે જોવાનું એ રહ્યું કે જામનગર મહાનગરપાલિકા આ વર્ષે લોકમેળામાં ભાવવધારા પર અંકુશ લગાવીને જનતાને રાહત આપશે કે પછી સાતમ-આઠમની ભીડમાં ફરી એક વખત સામાન્ય નાગરિકોના ખિસ્સા ખાલી થશે? લોકમેળો મોજ-મસ્તીનો બને કે મોંઘવારીનો માર બને તેનો જવાબ હવે મનપાની કામગીરી આપશે.


ફાઈલ ફોટો


# જામનગરમાં ઈદ-એ-મિલાદુન્નબીની ઉજવણીની તૈયારીઓ પૂરજોશમાં


## ૨૬ ઓગસ્ટે ભવ્ય જુલુસ નીકળશે, મસ્જિદો અને ઘરો રોશનીથી ઝળહળ્યા










તસવીરઃ હિરેન ગાંધી





**સમય સંદેશઃ જામનગર**

આગામી ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬, બુધવારના રોજ પયગંબર મોહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) ના પવિત્ર દિવસ ઈદ-એ-મિલાદુન્નબીની ઉજવણી કરવામાં આવશે. જામનગર શહેરમાં મુસ્લિમ સમાજ આ પવિત્ર દિવસની ઉજવણી માટે ઉત્સાહભેર તૈયારીઓ કરી રહ્યો છે.

ઉજવણીના ભાગરૂપે, શહેરના મુસ્લિમ વિસ્તારોમાં આવેલી મસ્જિદો, મહોલ્લાઓ અને ઘરોને રોશનીથી શણગારવામાં આવી રહ્યા છે. કાલાવડ નાકા બહારના રબ્બાની પાર્ક, સિલ્વર પાર્ક, તારમામદ સોસાયટી, પાંચહાટડી વિસ્તાર, મકવાણા સોસાયટી, નૂરી પાર્ક, મહારાજા સોસાયટી, ગરીબ નવાઝ સોસાયટી, વાઘેરવાડો, સુમરાચાલી, બેડી, ધરાનગર, ખોજા ગેટ, નવાગામ ઘેડ જેવા વિસ્તારોમાં તેમજ જુમ્મા મસ્જિદ, રતનબાઈ મસ્જિદ અને માંડવી ટાવર મસ્જિદ સહિતની તમામ મસ્જિદોમાં આબેહૂબ રોશની કરવામાં આવી છે.

આ ઉપરાંત, ઘાંચીની ખડકી વિસ્તારમાં આવેલા શહીદી ચોક ખાતે ''જશને આમદે રસુલ'' નામનો તકરીર કાર્યક્રમ પણ આયોજિત કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં સૈયદ ઝૈનુલઆબેદીન સાહબ કિબ્લા અને હાફિઝ સોહિલ ઝા સાહબ દ્વારા રાત્રિના ૧૦ થી ૧૨ વાગ્યા સુધી તકરીર રજૂ કરવામાં આવશે, જેમાં મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહેશે.

પરંપરા મુજબ, ઈદ-એ-મિલાદુન્નબીના દિવસે, એટલે કે ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬, બુધવારના રોજ જામનગર શહેરમાં એક ભવ્ય જુલુસ કાઢવામાં આવશે. આ જુલુસમાં સફેદ પોશાકમાં સજ્જ થઈને લોકો હાથમાં પરચમ (ઝંડા) લહેરાવશે અને ''સરકાર કી આમદ મરહબા'' તથા ''મરહબા યા મુસ્તુફા'' ના નારા ગુંજી ઉઠશે.

# ભારત-ચીન સંબંધો સતત સામાન્યતા તરફઃ NSA અજિત ડોભાલ અને વાંગ યી વચ્ચે બેઈજિંગમાં મહત્વપૂર્ણ વાટાઘાટો

**સમય સંદેશઃ ડેસ્ક**

ભારત અને ચીન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં સુધારા તરફ એક અત્યંત મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. બેઈજિંગ ખાતે ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથેની ઉચ્ચ સ્તરીય વાટાઘાટો દરમિયાન ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે મંગળવારે સ્પષ્ટ કર્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના માર્ગદર્શન હેઠળ બંને દેશોના સંબંધો હવે ''સતત સામાન્યતા તરફ પાછા ફરી રહ્યા છે.'' સરહદ પ્રશ્ન પર ખાસ



પ્રતિનિધિઓ વચ્ચે યોજાયેલી ૨૫મા રાઉન્ડની આ વાટાઘાટોમાં બંને પક્ષો વચ્ચે કલાકો સુધી સઘન ચર્ચા ચાલી હતી. આ બેઠક અગાઉ ગજ્જ અજિત ડોભાલે ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગ સાથે પણ અગત્યની મુલાકાત કરી હતી. ચર્ચા દરમિયાન અજિત ડોભાલે જણાવ્યું હતું કે કાઝાન અને તિયાનજિનમાં બંને નેતાઓ વચ્ચે યોજાયેલી બેઠકોએ દ્વિપક્ષીય સંબંધોને એક સ્પષ્ટ અને આશાસ્પદ દિશા આપી છે. તેમણે ઉમેર્યું કે સરહદી વિસ્તારોમાં શાંતિ


અનુ પાના નં.૨ પર


## ભાવનગર લઠ્ઠાકાંડ બાદ અનોખા પોલીસ મોડલની ચર્ચા

# દારૂબંધી માત્ર દેખાડો! અમદાવાદમાં બુટલેગરોને બે કલાક દારૂની હેરફેર અને વેચાણની છૂટ!

**સમય સંદેશઃ અમદાવાદ**

ભાવનગરમાં થયેલા લઠ્ઠાકાંડ બાદ આખા ગુજરાતમાં પોલીસ ઉંઘમાંથી જાગી હતી, જેમાં અમદાવાદ પણ બાકાત નથી. ગુજરાતમાં અનેક જિલ્લામાં દારૂને લગતા કેસમાં અચાનક વધારો જોવા મળ્યો છે, ત્યારે ત્રણ-ચાર દિવસથી અમદાવાદમાં પણ પોલીસનું સઘન ચેકિંગ હોવાથી બુટલેગરો પર તવાઈ આવી ગઈ હતી.

જો કે, સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ હવે જેમ કર્ફ્યુમાંથી બે કલાક લોકોને બહાર નીકળવાની અને ખરીદી કરવાની મંજૂરી આપવામાં આવે, એ રીતે સ્થાનિક પોલીસના વહીવટદારોએ પણ તમામ અધિકારીઓથી ઉપરવટ જઈને સંબંધો સાચવવા અને ખર્ચ કાઢવા માટે બુટલેગરોને દિવસે ૨ કલાક દારૂની હેરફેર અને વેચાણ માટેની ખાસ વ્યવસ્થા ગોઠવી આપી છે. એવી ચર્ચા છે કે, અમદાવાદમાં


અનુ પાના નં.૨ પર


# મોટી રાહત! ખાંડના ભાવમાં આવ્યો ૧૮ ટકાનો ઘટાડો, જાણો છૂટક-જથ્થાબંધ ભાવ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

સરકારે ખાંડની આયાતને મંજૂરી આપ્યા પછી અને સંગ્રહખોરી અને સટ્ટાખોરી પર કડક કાર્યવાહી કર્યા પછી, મિલોના ભાવમાં ૧૮ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો છે. ગયા અઠવાડિયે ₹૬૭ પ્રતિ કિલોગ્રામના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરે પહોંચેલા મિલના ભાવ હવે ઘટીને ₹૫૫ પ્રતિ કિલોગ્રામ થઈ ગયા છે. જોકે, છૂટક ભાવમાં હજુ સુધી કોઈ ઘટાડો નોંધાયો નથી. ગયા અઠવાડિયે, ખાંડ મિલોએ ભાવ વધાર્યા હતા, જેના કારણે ભાવ ₹૬૭ પ્રતિ કિલો થા હતા. હવે, મિલોના ભાવ ૧૮% ઘટીને ₹૫૫ પ્રતિ કિલો થયા છે.

બજારની વર્તમાન સ્થિતિ જોઈએ તો મિલ ભાવઃ ૫૫ રૂપિયા પ્રતિ કિલો, જથ્થાબંધ ભાવઃ ૫૮.૨૯ રૂપિયા પ્રતિ કિલો (૨૪ ઓગસ્ટ સુધી સરેરાશ), છૂટક કિંમતઃ ૬૩.૦૫ રૂપિયા પ્રતિ કિલો (૨૪ ઓગસ્ટ સુધી સરેરાશ), રિટેલ દુકાનો પર મિલોમાં ભાવ ઘટાડાનો લાભ સામાન્ય લોકોને ટૂંક સમયમાં મળશે. સરકારે કિંમતોને નિયંત્રિત કરવા અને કાળાબજારને રોકવા માટે ત્રણ મોટા પગલાં લીધાં


અનુ પાના નં.૨ પર


# સ્કૂલોમાં હિજાબ પહેરવાની મંજૂરી ના આપી શકાયઃ હાઈકોર્ટ




**સમય સંદેશઃ નવીદિલ્હી**

અલાહાબાદ હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે હિજાબ ઇસ્લામનો જરૂરી ભાગ નથી. હાઈકોર્ટે આ નિર્ણય એક મુસ્લિમ વિદ્યાર્થિનીની અરજી ફગાવીને આપ્યો હતો. વિદ્યાર્થિનીએ સ્કૂલ યુનિફોર્મ સાથે હિજાબ પહેરવાની પરવાનગી માગી હતી. કોર્ટે કહ્યું હતું કે તે હિજાબ પહેરવો ઇસ્લામની જરૂરી ધાર્મિક પ્રથા છે તે સાબિત કરવા માટે કોઈ પુરાવા રજૂ કરી શકી નથી.

આ નિર્ણય જસ્ટિસ જે.જે. મુનિર અને જસ્ટિસ ઇન્દ્રજિત શુક્લાની બેન્ચે આપ્યો હતો. બેન્ચે એમ પણ કહ્યું હતું કે જો કોઈ શૈક્ષણિક સંસ્થાનો ડ્રેસ કોડ એકસમાન, યોગ્ય હેતુથી બનાવવામાં આવેલો, ભેદભાવરહિત અને સંસ્થાની ઓળખ જાળવવાના ઉદ્દેશથી તૈયાર કરવામાં આવ્યો હોય, તો કોઈ વિદ્યાર્થિની તેમાં ફેરફાર કરવાની માગ કરી શકે નહીં. આવો જ નિર્ણય ૨૦૨૨માં કર્ણાટક હાઈકોર્ટે પણ આપ્યો હતો. તેનો ઉલ્લેખ કરતાં અલાહાબાદ હાઈકોર્ટે


અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..

### કૅમરારૂપી ત્રીજી આંખ !

ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન અધિનિયમમાં પણ સરકારી એજન્સીઓને વ્યાપક છૂટછાટ આપવામાં આવી છે, જ્યારે તેમાં ડેટા પ્રોસેસિંગ સંબંધિત કાનૂની જવાબદારીઓ હજુ સુધી અમલમાં આવી નથી. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોની ઓટોમેટેડ ફેશિયલ રેકગ્નિશન સિસ્ટમનો ઉપયોગ ગુનેગારો, અજાણી લાશો વગેરેની ઓળખ માટે થઈ શકે છે. બીજી તરફ, ક્રિમિનલ પ્રોસિજર (આઈડેન્ટિફિકેશન) એક્ટ, ૨૦૨૨ દ્વારા પોલીસ દ્વારા નિર્ધારિત વ્યક્તિઓ પાસેથી એકત્ર કરી શકાય તેવા રેકોર્ડ્સની યાદીનો પણ વિસ્તાર કરવામાં આવ્યો છે. જો કે, આ પ્રકારની કાર્યવાહી માટેની કાનૂની મંજૂરી હજુ પણ લોકોના નિર્ધારિત જૂથો પૂરતી જ મર્યાદિત છે. પોલીસની કાર્યવાહીનું બંધારણીય કાયદેસરપણું એક અલગ પ્રશ્ન છે, પરંતુ તેનાથી સંભવિત પક્ષકારોમાં પેદા થતો ભય વિરોધ કરવાનો અધિકાર પણ મર્યાદિત કરી શકે છે કે છીનવી શકે છે જે પણ સરમુખત્યારીનો જ અખતરો છે. ગોપનીયતાના અધિકારમાં દખલ કરતી વખતે રાજ્યએ સુસ્થાપિત 'પ્રમાણસરતા કસોટી' પર ખરા ઉતરવું પડે છે. આ કસોટીનો પ્રથમ જ પ્રશ્ન– શું આ કાર્યવાહી પાછળ કોઈ કાયદેસર અને યોગ્ય હેતુ છે?– ચહેરો ઓળખવાની ટેકનોલોજીના સામૂહિક ઉપયોગ સામે ગંભીર પડકાર ઊભો કરે છે.ખાસ કરીને એટલા માટે કે આ ટેકનોલોજી ડેટા કેપ્ચર કરતી વખતે ભેદભાવ વિના અને અવિચારી રીતે કામ કરી શકે છે. આખરે, ઓછા નિયંત્રણો ધરાવતો છતાં એટલો જ અસરકારક વિકલ્પ પણ ઉપલબ્ધ છે– ઉદાહરણ તરીકે, પરંપરાગત પોલીસિંગ. તમામ પ્રદર્શનકારીઓ પર ચહેરો ઓળખવાની ટેકનોલોજીનો ઉપયોગ યોગ્ય ઠેરવવા માટે હજુ પણ અનેક પ્રશ્નોના જવાબ મળવાના બાકી છે. તેમાં ડેટા–પ્રોસેસિંગ અંગેના કરારો, ડેટા સુધી કોની પહોંચ છે, મોટા પાયે નિર્ણયોને મંજૂરી આપતી કાનૂની જોગવાઈઓ અને ખોટી ઓળખ થવાની સંભવિતતાની ટકાવારી જેવા મહત્વપૂર્ણ પ્રશ્નોનો સમાવેશ થાય છે. કોકરોચ પાર્ટી અને અન્ય વિપક્ષોના દેખાવો સામે આવા ખતરનાક રસાલા ખડકવાની સરકારી ટેવ કેટલી નવી કે જુની છે એ પણ ચર્ચાનો પ્રશ્ન છે. પોલીસે એ અંગે પણ કોઈ સ્પષ્ટ માહિતી આપી નથી કે કેમેરાની નજર હેઠળ આવતા દરેક વ્યક્તિના બાયોમેટ્રિક ડેટાની ખરેખર પ્રક્રિયા કરવામાં આવી હતી કે નહીં. ભલે પોલીસે નિષ્ફળ રહેલી તપાસ સાથે સંબંધિત તસવીરોને હટાવી દીધી હોય, પરંતુ ચિંતાજનક બાબત એ છે કે આ ડેટા સુધી એવા ખાનગી કોન્ટ્રાક્ટરોની પહોંચ રહી હોઈ શકે છે, જેમની કામગીરીની શરતો અને જવાબદારીઓ અંગે પૂરતી સ્પષ્ટતા નથી.




## દ્વારકામાં તહેવારો પૂર્વે ફૂડ સેફટી વિભાગની તવાઈ : ૧૨૧ કિલો ખાદ્ય સામગ્રીનો નાશ

**નવ હોટલ-રેસ્ટોરન્ટમાં તપાસ: નિયમભંગ બદલ બે એકમોને ઇમ્પ્રુવમેન્ટ નોટિસની ભલામણ, એકે સ્વૈચ્છિક રીતે કામગીરી બંધ કરી**





**સમય સંદેશઃ દ્વારકા**

તહેવારોની સિઝનમાં દ્વારકાધીશના દર્શનાર્થે આવતા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના આરોગ્યની સુરક્ષા અને તેમને ગુણવત્તાયુક્ત ખોરાક મળી રહે તે હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા શહેરની હોટલો અને રેસ્ટોરન્ટોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ કામગીરી દરમિયાન કુલ ૯ એકમોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાંથી ખાદ્ય સલામતીના નિયમોનું ઉલ્લંઘન કરનારા ૨ એકમો સામે ઈમ્પ્રૂવમેન્ટ નોટિસ પાઠવવા માટે ડેઝિગ્નેટેડ ઓફિસરને ભલામણ કરાઈ છે. આ તપાસના પગલે એક રેસ્ટોરન્ટ સંચાલકે સ્વૈચ્છિક રીતે પોતાનું એકમ બંધ કરી દીધું હતું.

આ તપાસ ઝુંબેશ દરમિયાન અસ્વચ્છ પરિસ્થિતિમાં સંગ્રહાયેલો રૂ. ૮,૧૨૦ની અંદાજિત કિંમતનો ૧૨૧ કિલો અયોગ્ય ખાદ્ય પદાર્થ મળી આવતાં તંત્ર દ્વારા તેનો તાત્કાલિક સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. યાત્રાધામ દ્વારકામાં શ્રદ્ધાળુઓના આરોગ્ય સાથે કોઈ ચેડાં ન થાય તે માટે હોટલ-રેસ્ટોરન્ટમાં સ્વચ્છતા અને ખાદ્ય સામગ્રીની ગુણવત્તા અંગેની આ તપાસ કાર્યવાહી આગામી દિવસોમાં પણ યથાવત રાખવામાં આવશે.

## દ્વારકા જીલ્લામાં વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષની વરણી



**સમય સંદેશઃ દ્વારકા**

વિશ્વ હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત બેઠક તાજેતરમાં થાનગઢ જોગધ્યાન પૂરા આશ્રમ ખાતે યોજવામાં આવી હતી. જેમાં વિશ્વ હિન્દુ પરિષદ કર્ણાવતી ક્ષેત્ર મંત્રી અશ્વિનભાઈ પટેલ વિશ્વ હિન્દુ પરિષદ કર્ણાવતી ક્ષેત્ર ના સંગઠન મંત્રી શ્રીરંગ રાજે, વિશ્વ હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત મંત્રી દેવજીભાઈ મ્યાત્રાના તથા વિશ્વ હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંતના પદ અધિકારીઓનું માર્ગદર્શન બેઠક રાખવામાં આવી હતી. જેમાં વિશ્વ હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંતના દરેક જિલ્લાના સંગઠનમાં જવાબદારી સોંપવામાં આવી હતી.

આ સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ નવી સંગઠન જવાબદારી સોંપવામાં આવી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ માટે જિલ્લા ઉપાધ્યક્ષ ધર્મેંદ્રભાઈ મોટાણીની પ્રાંત બેઠક નિમણૂક કરવામાં આવી હતી.

દ્વારકામાં સ્વામિનારાયણ આશ્રમ ખાતે વિશ્વ હિન્દુ પરિષદની જિલ્લા વ્યાપક બેઠક રાખવામાં આવી હતી. જેમાં વિહિપના સૌરાષ્ટ્ર પ્રાંતના પદાધિકારી તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના પદાધિકારીઓ દ્વારા ખંભાળિયાના ધીરેનભાઈ શાંતિલાલ મોટાણીની શહેર અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

## બાલંભડી નજીક બે બાઈક વચ્ચે અકસ્માતમાં આધેડનુ થયુ મોત

**સમય સંદેશઃ કાલાવડ**

જામનગર જિલ્લાના કાલાવડથી બાલંભડી ગામને જોડતા માર્ગ પર હાઇવે રોડ પર બે બાઇક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. કાલાવડ તાલુકાના બામણગામ ગામના મગનભાઇ લક્ષ્મણભાઇ પાનસુરીયા (ઉ.વ.૬૪) સ્પ્લેન્ડર મોટરસાઇકલ નં. GJ-03-AM-1671 લઇ કાલાવડથી બામણગામ તરફ જતા હતા. દરમિયાન સામેથી બાલંભડી તરફથી આવી રહેલી હીરો HF-100 મોટરસાઇકલ નં. GJ-10-DK-2546ના ચાલકે બેફામ સ્પીડે વાહન ચલાવતા મગનભાઇની બાઇક સાથે સામસામે અથડાવી હતી. અકસ્માતમાં મગનભાઇને માથાના ભાગે તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઇજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે રમેશભાઇ પાનસુરીયાની ફરિયાદના આધારે કાલાવડ ટાઉન પોલીસે ઇંત્ર-૧૦૦ના ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## લાલપુરના ટેભડામાં વરલી મટકાનો જુગાર ઝડપાયો

**સમય સંદેશઃ લાલપુર**

લાલપુર તાલુકાના ટેભડા ગામના ચોક વિસ્તારમાં જાહેર સ્થળે વરલી મટકાનો જુગાર રમાડવામાં આવી રહ્યો હોવાની ચોક્કસ બાતમી લાલપુર પોલીસ ટીમને મળી હતી. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચીને દરોડો પાડ્યો હતો. કાર્યવાહી દરમિયાન સુલેમાન કુરેશી નામનો શખ્સ જાહેરમાં વરલી મટકાના આંકડા લખી જુગારની પ્રવૃત્તિ કરતો રંગેહાથ ઝડપાઈ ગયો હતો.

પોલીસે આરોપીની અટકાયત કરી તેની અંગઝડતી લેતા વરલી મટકાના આંકડા લખેલી કાપલી, બોલપેન તથા રૂા. ૨૩૦ ની રોકડ રકમ મળી આવી હતી. લાલપુર પોલીસે સ્થળ પરથી મળી આવેલ તમામ મુદ્દામાલ જપ્ત કરી આરોપી સામે જુગારધારા કલમ ૧૨(અ) હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે, ગ્રામ્ય વિસ્તારોમાં અસામાજિક અને જુગાર સંબંધિત પ્રવૃત્તિઓ પર નાથવા માટે લાલપુર પોલીસ દ્વારા પેટ્રોલિંગ અને દરોડાની કાર્યવાહી વધારી દેવામાં આવી છે. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગર જિલ્લા પંચાયત કર્મચારી નગર સોસાયટીની સામાન્ય સભા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તા.૨૫: જામનગર જિલ્લા પંચાયત કર્મચારી નગર નિર્માણ કો-ઓપ. હા. સોસાયટી લી. તથા શ્રી મહાલક્ષ્મી કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી.જામનગરના તમામ સભાસદને જણાવવાનું કે બન્ને સંસ્થાની વર્ષ : ૨૦૨૫-૨૦૨૬ ની વાર્ષિક સાધારણ સભા તા.૧૩/૦૯/૨૦૨૬, રવિવારના રોજ 'કર્મચારીનગર', લાલપુર બાયપાસ પાસે, જામનગર ખાતે (ફક્ત સભાસદ માટે) સવારે ૧૦:૦૦ કલાકે શ્રી જામનગર જિલ્લા પંચાયત કર્મચારી નગર નિર્માણ કો-ઓપ. હા. સોસાયટી લી. તથા સવારે ૧૧:૩૦ કલાકે શ્રી મહાલક્ષ્મી કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી.ની યોજેલ છે.

## ધ્રોલના યુવકનું કેન્સરથી કરૂણ મોત નીપજ્યું

**સમય સંદેશઃ ધ્રોલ**

ધ્રોલના ચામુંડા પ્લોટમાં રહેતા અને કલરકામ સાથે જોડાયા જયેશભાઈ ડાયાભાઈ ખીમસુરીયા (ઉં.વ. ૪૨) છેલ્લા આશરે આઠ માસથી ગળા તથા જીભના ભાગે કેન્સરની બીમારીથી પીડાતા હતા. તેમની સારવાર ચાલી રહી હતી તેમજ કેન્સરનું ઓપરેશન પણ કરાવવામાં આવ્યું હતું. તેઓ નિયમિત રીતે કેન્સરની દવા લેતા હતા. દરમિયાન તા. ૨૪ ઓગસ્ટના વહેલી સવારે આશરે ૪ વાગ્યાના અરસામાં ધ્રોલના ચામુંડા પ્લોટ ખાતે પોતાના રહેણાંક મકાને કેન્સરની બીમારીના કારણે તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે તેમના ભાઈ હીતેશભાઈ ડાયાભાઈ ખીમસુરીયાએ ધ્રોલ પોલીસમાં જાણ કરી હતી. પોલીસે અકસ્માતે મોત અંગે નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## જામજોધપુરના ચીફ ઓફિસરની બદલી

**સમય સંદેશઃ જામજોધપુર**

જામનગર જિલ્લાના જામજોધપુર નગરપાલિકાના ચીફ ઓફિસર સહિત રાજ્યના ૨૫ નગરપાલિકાના ચીફ ઓફિસરોની અરસપરસ બદલીનો આદેશ શહેરી વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે.

ગુજરાત સરકારના શહેરી વિકાસ અને ગ્રામ ગુહ નિર્માણ વિભાગના નગરપાલિકાના નાયબ સચિવ દ્વારા રાજ્યની જુદી જુદી ૨૫ નગરપાલિકાના ચીફ ઓફિસરોની અરસપરસ બદલીનો આદેશ કર્યો છે.જેમાં જામનગર જિલ્લામાં જામજોધપુર નગરપાલિકાના બ્રિજરાજસિંહ વાળાને ગોંડલ નગરપાલિકા ચીફ ઓફિસર તરીકે બદલીનો આદેશ કર્યો છે. જ્યારે તેમની જગ્યાએ ધોરાજી નગરપાલિકાના ચીફ ઓફિસર જયમલભાઈ મોઢવાડિયાને નિમણૂક કરાઈ છે.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

## અનુસંધાન

### દેશી દારૂની ભઠ્ઠી

(પાના નં. ૪ થી આગળ)

બંધ ભઠ્ઠી, સાધનો તેમજ ૨૦૦ લિટર કાચો આથો મળી આવ્યો હતો.

પોલીસે રૂ.૫,૦૦૦ની કિંમતનો ૨૦૦ લિટર કાચો આથો સ્થળ પર નાશ કર્યો હતો, જ્યારે દેશી દારૂ બનાવવાની ભઠ્ઠીના સાધનો રૂ.૧,૬૨૦ સહિત કુલ રૂ.૬,૬૨૦નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કાર્યવાહીમાં આરોપી અજયભાઈ રામાભાઈ મકવાણા, રહે. અલીયા ગામ, વિરાણી ચોક, તા.જી. જામનગર, ફરાર હોવાનું સામે આવતા તેને પકડી પાડવા કાર્યવાહી હાથ ધરી છે.

### પોલીસ ઍક્શન મોડમાં

(પાના નં. ૪ થી આગળ)

ડી.જી.રામાનુજ સહિત સર્વેલન્સ સ્કવોડ ના જવાનો, મહિલા પોલીસકર્મી સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. આ ફ્લેગમાર્ચ સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન થી પાંચ હાટડી, ગુજરાતીવાડ, પટણીવાડ, ચાંદી બઝાર, માંડવી ટાવર, હવાઇ ચોક, ખંભાળિયા ગેટ અને સુમરા ચાલી વિસ્તારમાં સમાપ્ત થયો હતો.

આગામી ઈદ-એ-મિલાદના પવિત્ર તહેવારની ઉજવણી જિલ્લામાં શાંતિપૂર્ણ, કોમી સૌહાર્દ અને ભાઈચારાના વાતાવરણમાં સંપન્ન થાય તેવા હેતુથી જામનગર પોલીસ અધિક્ષકની અધ્યક્ષતામાં એક અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટીંગમાં તહેવારના વિવિધ આયોજકો તથા શાંતિ સમિતિના સભ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન એસપી દ્વારા સરઘસના રૂટ, કાયદો અને વ્યવસ્થાની જાળવણી, ટ્રાફિક વ્યવસ્થા તેમજ જાહેર સુરક્ષા સંબંધિત બાબતો અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત તહેવાર દરમિયાન શાંતિ અને સુમેળ જળવાઈ રહે તે માટે ઉપસ્થિત આયોજકો અને અગ્રણીઓને જરૂરી માર્ગદર્શક સૂચનાઓ પાઠવવામાં આવી હતી.

### માટીની હેરફેર

(પાના નં. ૪ થી આગળ)

ખાણ-ખનીજ અધિકારીને સોંપવામાં આવી હતી. સમગ્ર કાર્યવાહીમાં કુલ રૂ.૨,૮૩,૯૫૭નો દંડ ફટકારવામાં આવ્યો હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.

### દેશી પિસ્તોલ

(પાના નં. ૪ થી આગળ)

રાજ પ્રવીણભાઈ ધમસાણીયા (ઉંમર ૨૪, વ્યવસાય મજૂરી)ને પોલીસે ઝડપી લીધો હતો. તેની તલાસી લેતા પરવાના કે લાયસન્સ વિના રાખવામાં આવેલી દેશી બનાવટની પિસ્તોલ કિંમત રૂ.૨૫,૦૦૦ તથા એક કાર્ટીસ કિંમત રૂ.૧૦૦ મળી આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ, તા. ૨૪ ઓગસ્ટના રોજ સાંજે ૫:૦૫ વાગ્યે નવાગામ ઘેડથી સ્મશાન તરફ જતા રોડ પર શાશ્વત સોસાયટી સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આ અંગે આરોપી સામે આર્મ્સ એક્ટની કલમ ૨૫(૧-ઇ)અ અને ૨૯ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ધ્રોલમાં નંદનવન

(પાના નં. ૩ થી આગળ)

છે. ધ્રોલ શહેરના આ ગેરકાયદેસર ચાલી રહેલા બાંધકામની નજીક સો સવાસો વર્ષના બે જુના વૃક્ષો ઉભા હતા, તે આ બાંધકામમાં અડચણ રૂપ હોય તે કોઈપણ જાતની પૂર્વ મંજૂરી વગર કાપી નાખવામાં આવેલ છે. સરકારશ્રી દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે વૃક્ષારોપણના કાર્યક્રમો કરવામાં આવે છે ત્યારે આ વર્ષોજુના વૃક્ષોને કાપી નાખવા છતાં પાલિકા, પોલીસ કે ફોરેસ્ટ વિભાગે કોઈ કાર્યવાહી કરેલ છે કે નહીં અને કરેલ હોય તો તે અંગે જાણકારી આપવી જોઈએ તેવી માગણી ધ્રોલ શહેરની જાગૃત જનતા કરી રહેલ છે.

### હરરાજીના શ્રીગણેશ

(પાના નં. ૩ થી આગળ)

ખેડૂતોમાં પણ આશાવાદ જોવા મળી રહ્યો છે. હાલ નવી મગફળીની આવકની શરૂઆત થઈ હોવાથી યાર્ડમાં આવકનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. પ્રથમ દિવસે માત્ર પાંચ ગુણીની આવક નોંધાઈ છે. આગામી દિવસોમાં ખેતરોમાંથી નવી મગફળીની આવક વધતા યાર્ડમાં આવકમાં પણ વધારો થવાની શક્યતા છે.

### ભારત-ચીન

(પાના નં. ૧ થી આગળ)

અને સુલેહ જાળવવાના સતત પ્રયાસોનું જ પરિણામ છે કે બંને દેશો વચ્ચે હવે સ્થિતિ સુધરી રહી છે.

આ પ્રસંગે ચીનના વિદેશ મંત્રી વાંગ યી પણ ભારત સાથેના સંબંધો અંગે સકારાત્મક વલણ દર્શાવ્યું હતું. તેમણે જણાવ્યું કે ભારત અને ચીન વચ્ચેના સંબંધો માત્ર દ્વિપક્ષીય મર્યાદા પૂરતા સીમિત નથી પરંતુ વૈશ્વિક અને વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે. બંને દેશોએ એકબીજાના સફળ ભાગીદાર બનીને મતભેદો અને અવરોધોને દૂર કરવા તરફ કામ કરવું પડશે.

આગામી ૧૨ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હી ખાતે યોજાનારી બ્રિક્સ સમિટમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ હાજરી આપે તેવી શક્યતાઓ છે, જે સાત વર્ષમાં તેમની પ્રથમ ભારત મુલાકાત હશે. આ પરિપ્રેક્ષ્યમાં બેઇજિંગમાં યોજાયેલી આ વાટાઘાટો આગામી સમયમાં ભારત-ચીન સરહદ સુરક્ષા અને આર્થિક સહયોગ માટે અત્યંત નિર્ણાયક માનવામાં આવી રહી છે.

### સ્કૂલોમાં હિજાબ

(પાના નં. ૧ થી આગળ)

કહ્યું હતું કે તેની પાસે કર્ણાટક હાઈકોર્ટના નિર્ણયથી અલગ મત રાખવાનું કોઈ 'કારણ' નથી. કર્ણાટક હાઈકોર્ટે પણ પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે હિજાબ પહેરવો ઈસ્લામ ધર્મની જરૂરી ધાર્મિક પ્રથા નથી.

સુકૈના રિઝવી નામની સ્કૂલની વિદ્યાર્થિનીએ પોતાની માતા મારફતે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. સુકૈના પ્રયાગરાજની એક ઈઈજીઉ સ્કૂલમાં અભ્યાસ કરે છે. તેણે ધોરણ ૧૦ પાસ કર્યા બાદ આ જ સ્કૂલમાં ધોરણ ૧૧માં અભ્યાસ ચાલુ રાખવા માગતી હતી. તેણે હાઈકોર્ટમાં અરજી કરીને માગ કરી હતી કે કોર્ટ સ્કૂલને આદેશ આપે કે તેને યુનિફોર્મ સાથે હિજાબ પહેરવાની પણ મંજૂરી આપવામાં આવે. અલાહાબાદ હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે હિજાબ ઈસ્લામનો જરૂરી ભાગ નથી. કોર્ટે કહ્યું હતું કે વિદ્યાર્થિની હિજાબ પહેરવો ઈસ્લામની જરૂરી પ્રથા છે તે સાબિત કરવા માટે પૂરતા પુરાવા રજૂ કરી શકી નથી.

હાઈકોર્ટે વિદ્યાર્થિનીની એ દલીલને ફગાવી દીધી હતી કે જો અગાઉનાં ધોરણોમાં તેને હિજાબ પહેરવાની મંજૂરી આપવામાં આવી હતી, તો તેને આધારે તેને હિજાબ પહેરવાનો કાનૂની અધિકાર મળી જાય છે.

### અમદાવાદમાં બુટલેગરો

(પાના નં. ૧ થી આગળ)

પશ્ચિમ અને પૂર્વ વિસ્તારમાં જ્યાં પણ VVIP મૂવમેન્ટ વધુ જોવા મળે છે, તેવા અને તેની આસપાસના પોશ અને સામાન્ય સહિત ચાર પાંચ વિસ્તારમાં દિવસે બે કલાક દારૂની હેરફેરની રીતસરની છૂટ અપાઈ છે. દાવાઓ મુજબ આશ્ચર્યની વાત એ છે કે, વહીવટદારોએ ઉચ્ચ પોલીસ અધિકારીઓના દારુબંધીના આદેશના અવગણીને આવી મંજૂરી આપી દીધી છે.

બુટલેગરો માટે તો આ ઘટના આફતમાં આશાના કિરણ સમાન સાબિત થઈ છે. પોલીસ સ્ટેશનના વહીવટદારો જ બુટલેગરોને પોલીસ ચેકિંગથી બચવાના સુરક્ષિત રૂટની માહિતી પૂરી પાડે છે, જેથી તેઓ આસાનીથી માલ સપ્લાય કરી શકે. જો કે, આ અંગે જાણ થયા બાદ ઉચ્ચ પોલીસ અધિકારીઓ શું કાર્યવાહી કરે છે તે જોવું રસપ્રદ સાબિત થશે.

આ પહેલા પણ પોલીસે કડક પ્રોહિબિશન ડ્રાઇવ શરૂ કરી અન્ય રાજ્યોમાંથી આવતો દારૂ અટકાવી દીધો હતો. આમ છતાં, પોલીસ અને બુટલેગરોની સાંઠગાંઠનો આ ચોંકાવનારો ખેલ સામે આવ્યો છે. માંગ યથાવત હોવાથી બુટલેગરોએ જોખમનું બહાનું આગળ ધરીને દારૂના ભાવ ત્રણ ગણા કરી દીધા છે, જ્યારે સ્થાનિક પોલીસે પણ હપ્તાની રકમ વધારીને બુટલેગરોને છૂપી રીતે નાના પાયે દારૂ સપ્લાય કરવાની મંજૂરી આપી દીધી છે.

આમ, કડક દારૂબંધી અને લઠ્ઠાકાંડ જેવી ગંભીર ઘટના બાદ પણ ભ્રષ્ટ પોલીસકર્મીઓ અને બુટલેગરોની મિલીભગતના કારણે રાજ્યના કેટલાક વિસ્તારોમાં વિદેશી દારૂનો વેપાર હજુ પણ અવિરતપણે ધમધમી રહ્યો છે, જે અત્યંત ગંભીર બાબત છે.

### ખાંડના ભાવ

(પાના નં. ૧ થી આગળ)

છે. બહારથી ૧૦ લાખ ટન કાચી ખાંડ આયાત કરવાની મંજૂરી અપાઈ મોટા ખરીદદારો (જેમ કે મીઠાઈ-પ્રક્રિયા કરતી કંપનીઓ) દ્વારા ખાંડના સંગ્રહ પર મર્યાદા નક્કી કરવામાં આવી છે.

આ ઉપરાંત સંગ્રહખોરીને રોકવા અને કિંમતો પર નજર રાખવા માટે દેશભરમાં ફ્લાઈંગ સ્ક્વોડ તૈનાત કરવામાં આવ્યા છે.

## રક્ષાબંધનના દિવસે થનાર ખંડગ્રાસ સુર્યગ્રહણ ભારતમાં નહીં દેખાય



**સમય સંદેશઃ જામનગર**

આગામી તા. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ શ્રાવણ પૂર્ણિમાના શુક્રવારના દિવસે ખંડગ્રાસ ચંદ્રગ્રહણ થનાર છે. આ ખંડગ્રાસ ચંદ્રગ્રહણ યુરોપ, અમેરિકા, આફ્રિકા તેમજ પૂર્વ પેસિફિક મહાસાગરના વિસ્તારોમાં જોવા મળશે. જોકે, આ ખંડગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે નહીં. ભારતીય સમય અનુસાર ગ્રહણનો સમય સવારે ૦૬:૫૪ કલાકથી બપોરે ૧૨:૩૨ કલાક સુધીનો રહેશે. આ સમયગાળા દરમિયાન ભારતમાં દિવસનો સમય હોવાથી ગ્રહણનું દશ્ય જોવા મળશે નહીં. ચંદ્રગ્રહણ સમયે સૂર્ય અને ચંદ્રની વચ્ચે પૃથ્વી એક સીધી રેખામાં ગોઠવાય છે. જેના કારણે સૂર્યનો પ્રકાશ પૃથ્વી દ્વારા અવરોધાય છે અને પૃથ્વીનો પડછાયો ચંદ્ર પર પડે છે. આ ખગોળીય ઘટનાને કારણે ચંદ્રનો ભાગ અંધકારમય અથવા કાળો દેખાય છે.

# જામનગર જિલ્લાના દરિયાઈ વિસ્તારમાં સુરક્ષા સંદર્ભે મરીન કમાંડોનું પેટ્રોલીંગ

## રોઝી બંદર, નવા-જૂના બેડી બંદર, માધાપર ભુંગા, જોડિયા ભુંગા સહિતના વિસ્તારોમાં સઘન ચેકિંગ: માછીમારો સાથે સંવાદ કરી શંકાસ્પદ હિલચાલ અંગે તાત્કાલિક જાણ કરવા અપીલ







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

વેસ્ટ એશિયામાં પ્રવર્તી રહેલી તણાવપૂર્ણ ભૂરાજકીય પરિસ્થિતિ વચ્ચે દેશની દરિયાઈ સુરક્ષાને ધ્યાને રાખી સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક બની છે. જેના ભાગરૂપે જામનગર જિલ્લાના સંવેદનશીલ દરિયાકાંઠાના વિસ્તારોમાં મરીન ટાસ્ક ફોર્સ દ્વારા વિશેષ સઘન કોસ્ટલ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. મરીન કમાન્ડોની ટીમોએ રોઝી બંદર, નવા-જૂના બેડી બંદર, માધાપર ભુંગા અને જોડિયા ભુંગા સહિતના વિસ્તારોમાં પગપાળા પેટ્રોલિંગ કરીને સઘન ચકાસણી કરી હતી. આ કાર્યવાહીનો મુખ્ય હેતુ દરિયાઈ માર્ગે થતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, ઘૂસણખોરી તથા હથિયારો કે નશીલા પદાર્થોની હેરાફેરી અટકાવવાનો છે.

આ મેગા પેટ્રોલિંગ એટીએસ અને કોસ્ટલ સિક્યુરિટીના એડિશનલ ડીજીપી અમિતકુમાર વિશ્વકર્મા, ડીઆઈજી એ.એમ. મુનિયા, એસપી એસ.જે. પરમાર અને ડીવાયએસપી કે.પી. પારેખના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયું હતું. જામનગર સેક્ટરના પીઆઈ ધરમવીર આર. યાદવ તથા પીએસઆઈ જી.એમ. બોપલિયા સહિતની ટીમોએ ફિશ લેન્ડિંગ પોઇન્ટ, જેટીઓ, ઔદ્યોગિક સ્થાપનો અને નિર્જન વિસ્તારોમાં તપાસ લંબાવી હતી. શંકાસ્પદ હિલચાલ, અજાણી વ્યક્તિઓ અને બોટો પર ચાંપતી નજર રાખવાની સાથે સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવી હતી.

પેટ્રોલિંગ દરમિયાન અધિકારીઓએ વિવિધ માછીમારી વસાહતોની મુલાકાત લઈ માછીમારો સાથે સીધો સંવાદ સાધ્યો હતો અને દરિયામાં કોઈ પણ શંકાસ્પદ બોટ કે વ્યક્તિ જણાય તો ત્વરિત પોલીસને જાણ કરવા અપીલ કરી હતી. જામનગરનો દરિયાકાંઠો વ્યૂહાત્મક અને ઔદ્યોગિક દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હોવાથી આગામી દિવસોમાં પણ આ પ્રકારની સઘન દેખરેખ ચાલુ રાખવામાં આવશે. આ કામગીરીથી રાષ્ટ્રીય સુરક્ષા માટે તંત્રની પૂર્ણ સજ્જતા અને સતર્કતાનો સ્પષ્ટ સંદેશ મળ્યો છે.

# ફલ્લા પાસે ચાલી રહેલા ખેડૂત આંદોલનની મુલાકાત લેતા માજી સાંસદ વિક્રમ માડમ





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ ફલ્લા**

જામનગર તાલુકાના ફલ્લા નજીક આવેલા જોડીયા તાલુકાના વાવડી ગામના ખેડૂતોનું વિજ કંપની સામેનું આંદોલન ચોથા દિવસે પણ ચાલુ રહ્યું હતું. શ્રી રામદેવજી મંદિરમાં વીજ કંપની દ્વારા પોલ નાખવાના વિરોધમાં વાવડી ગામના સમસ્ત ગ્રામજનો આંદોલનમાં જોડાયા છે. જયારે નજીકના ગામો સહીત સતરથી અઢાર ગામના ખેડૂત દ્વારા ટેકો જાહેર કરવામાં આવ્યો છે. સરપંચ ભાવેશભાઈ મકવાણા સહીત સાત ગ્રામજનો આમરણાંત ઉપવાસ પર છે જેમાં મારાજ નામના ઉપવાસની તબીયત લથડતા જામનગરની જી.જી. હોસ્પીટલમાં દાખલ છે. માજી સાંસદ વિક્રમભાઈ માડમ, જામનગરના કોર્પોરેટર જેનમબેન ખફી આપના જામનગર જીલ્લા પ્રમુખ અને વાવડી ગામના ૪ વશરામભાઈ રાઠોડ, આપ જામનગર શહેર પ્રમુખ રાજેન્દ્રસિંહ સોઢા, જેનીમભાઈ માધાણી, પ્રવીણસિંહ જાડેજા, પી.ડી. જાડેજા તથા નજીકના ગામોના આગેવાનો ઉપસ્થિત રહીને ખેડૂત આંદોલનને ટેકો આપ્યો હતો.

# જામનગરમાં ઝંડા સ્ટીક સપ્લાયના કામમાં ગેરરીતીનો કોંગ્રેસનો આક્ષેપ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં હર ઘર તિરંગા અભિયાનના રૂ.૪૪ લાખના ટેન્ડરમાં ભ્રષ્ટાચાર થયાના આક્ષેપ શહેર કોંગ્રેસ પ્રમુખે વિજિલન્સ તપાસ કરીને જવાબદારો સામે પગલા લેવાની માંગણી કરતી લેખિત રજુઆત મહાનગર પાલિકાના કમિશનરને કરી છે.

હર ઘર તિરંગા અભિયાનના કામ મુદ્દે જામનગર શહેર કોંગ્રેસ પ્રમુખ દીગુભા જાડેજાએ મહાનગરપાલિકાના કમિશનર દીપેશ કેડિઆને આક્ષેપો સાથે કરેલી લેખિત રજુઆતમાં જણાવાયું છે કે, શહેરમાં હર ઘર તિરંગા અંતર્ગત અંદાજે ૧ લાખ નંગ રાષ્ટ્ર ધ્વજ તથા તેને ફરકાવવા માટેની લાકડીઓ-પીવીસી સ્ટિક સપ્લાય કરવા અને ફીટીંગ કરી તેના લોડીંગ જની સાથેના ભાવો ટેન્ડર પ્રોજેક્ટ એન્ડ પ્લાનિંગ શાખાએ બહાર પાડયા હતા.

જેમાં તા. ૧૨ ઓગસ્ટના રોજ ટેન્ડર ખોલાયા હતા. તેમાં એક પાર્ટીને ટેન્ડર મળ્યું હતું. પરંતુ ઉપરથી કોઈનો ફોન આવી જતાં નિતિ-નિયમો એક બાજુ મુકીને સત્તા પક્ષના લોકોને આ કામ ટેન્ડર વગર આપી દેવાયું હતું. જો ટેન્ડર વગર જ કામ કરવું હતું, તો ટેન્ડર બહાર પાડયું શા માટે ? ભાવો નક્કી કર્યા શા માટે ? જે પાર્ટીએ વગર ટેન્ડરે કામ કરેલું છે.

તેના કામમાં પણ દેખરેખ રખાઈ નથી. ગત વર્ષના માલ-મટીરિયલ વાપરવામાં આવ્યા છે. ટેન્ડરના સપેસીફીકેશનમાં ચાર ફુટની લાકડી નક્કી છતાં ૩ ફુટની લાકડી વપરાઈ હોવાનો આક્ષેપ કરીને રજુઆતના અંતે કોંગ્રેસના પ્રમુખે અધિકારીઓના વલણ અંગે સવાલ ઉઠાવ્યો છે. આ મામલે તપાસ બાદ પગલા નહીં લેવાય તો આંદોલનાત્મક કાર્યક્રમોની ચિમકી રજુઆતના અંતે અપાઈ છે..

# જામનગરના દિગ્વિજય પ્લોટમાં રોડ પર વૃક્ષ ધરાશાયી, રિક્ષાચાલક વૃદ્ધ ઈજાગ્રસ્ત



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના દિગ્વિજય પ્લોટ-૧૩ વિસ્તારમાં અંબિકા ડેરી સામે આવેલા મેઇન રોડ પર અચાનક એક વૃક્ષ ધરાશાયી થતાં અફરાતફરી મચી ગઈ હતી. આ સમયે રસ્તા પરથી પસાર થઈ રહેલી એક રિક્ષા વૃક્ષની ચપેટમાં આવી જતાં તેમાં સવાર વૃદ્ધ રિક્ષાચાલક ઈજાગ્રસ્ત થયા હતા.

બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયરના જવાનો દ્વારા વૃક્ષની ડાળીઓ કાપીને રસ્તા પરથી હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેના કારણે વાહનવ્યવહાર માટેનો રસ્તો ફરી ખુલ્લો કરવામાં આવ્યો હતો. વૃક્ષ પડતાં ઈજાગ્રસ્ત બનેલા વૃદ્ધને સારવાર માટે જી.જી.હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. બનાવને પગલે થોડા સમય માટે વિસ્તારમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. તેમજ રસ્તો પણ અવરોધાયો હતો. જો કે પાછળથી વાહન વ્યવહાર પૂર્વવત બન્યો હતો.

# જામજોધપુર વિસ્તારમાં નકલી દારૂનું વેચાણ થઇ રહ્યાની ફરિયાદ

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર શહેર તેમજ પંથકમાં એરીસ્ટોકર બેગ પાઇ પર બ્લેક લેબલ ગ્રીન લેબલ જેવી વિવિધ નામો ધરાવતી ડુટલીકેટ અંગ્રેજી બોટલનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. જોકે ભાવનગર પંથકમાં થયેલ લઠડા કાંડના પગલે સહેલાઈ થી મળતો દારૂ મેળવવામાં તકલીફ પડે છે પણ આ બધું થોડા દિવસ રહેશે પછી રાબેતા મુજબજ થઈ જશે તેવું લાગી રહ્યું છે શહેરમાં અવારનવાર ખાલી બોટલોના સ્કુલ પાસે તેમજ અન્ય જગ્યાએ દેખાતા હોય જે બાબત સુચવે છે કેદારૂનું વેચાણ વિના રોકટોક થઈ રહ્યું છે તંત્ર દ્વારા આ બાબતે પગલા લેવાશે ખરા ?

# ધ્રોલમાં નંદનવન સોસાયટીમાં પૂર્વ મંજુરી વગર નૂતન કોમ્પ્લેક્ષ બનાવવાની કામગીરી શરૂ થતા ચર્ચા

**સમય સંદેશઃ ધ્રોલ**

ધ્રોલ શહેરનો કુદકે અને ભુસકે વિકાસ થઈ રહેલ છે શહેર મધ્ય સહિત શહેરના તમામ વિસ્તારોમાં જમીન મકાન તથા પ્લેટોના ભાવો આસમાને જઈ રહ્યા છે, ત્યારે શહેરના થઈ રહેલા વિકાસનો આર્થિક લાભ લેવા માટે વગદાર કોન્ટ્રાક્ટરો તથા બિલ્ડરો મનસ્વી રીતે પાલિકાની હોય કે સરકારી હોય, રાહદારી રસ્તાઓ હોય કે પાણીના નિકાલ નો રસ્તો હોય તે તમામ બાબતોને ગૌણ કરીને બેધડક બાંધકામો કરવામાં આવી રહેલ છે તેમજ આવા બાંધકામોના અસર કર્તા નાગરિકો દ્વારા વિરોધ તથા રજૂઆત કરવામાં આવતા હોય છે, તેમ છતાં આ બધી પ્રક્રિયાઓ ને અંતે સત્તાધીસો સાથે



સમજૂતી અને વહીવટ થઈ જતા આવા વિવાદસ્પદ બાંધકામોના પ્રશ્નો ઘીના ઠામ માં ઘી પડી જાય છે અને મંજૂરીની મહોર લાગી જવાના અનેક બનાવો બનેલ છે.

તાજેતરમાં ધ્રોલના હાર્દ સમા ત્રિકોણ બાગ થી શહેર તરફ આવતા મુખ્ય રસ્તાઓ ઉપર આવેલ નંદનવન સોસાયટીના કોર્નરમાં જૂનું બાંધકામ તોડીને નવા કોમ્પલેક્ષ બનાવવાની કામગીરી કોઈ જ પૂર્વ મંજૂરી વગર શરૂ કરવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે આ બાંધકામને બંધ કરવા માટે સ્થાનિક નગરપાલિકા તરફથી બબ્બે વખત આ નોટિસ પાઠવવામાં આવેલ છે તેમ છતાં આ બાંધકામ અટકાવવામાં આવેલ નહીં હોવાનું જાણવા મળેલ

અનુ પાના નં.૨ પર

# જામનગર માર્કેટ યાર્ડમાં નવી મગફળીની હરરાજીના શ્રીગણેશ




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર માર્કેટીંગ યાર્ડમાં ચંદ્રગઢ ગામના ખેડૂતે નવી સીઝનમાં નવી મગફળીની હરરાજીના શ્રી ગણેશ થયા હતા.અને બોણીમાં મગફળીના ભાવ રૂ.૧૮૨૫ બોલાયા હતા. જામનગર ખેતીવાડી બજાર ઉત્પન્ન સમિતિ હાપા યાર્ડમાં આજરોજ સિઝન ની નવી મગફળી ની પાંચ ગુણી ની આવક નોંધાયેલ હતી. જે ચંદ્રગઢ ગામના ખેડૂત ગીરધરભાઈ સભાયા લાવેલ હતા અને તેની હરરાજી માં ભાવ ૨૦ કિલો ના રૂ ૧૮૨૫ નોધાયેલ હતા.આ ભાવ બોણી ની મગફળી ની હરરાજી ના થયેલ હતા.આ પ્રસંગે વેપારીઓ અનેક ખેડૂતોમાં આનંદ ની લાગણી વ્યક્ત કરી હતી.

પ્રથમ મુરતના દિવસે નવી મગફળીનો એક મણનો ભાવ રૂ. ૧,૮૨૫ નોંધાયો હતો. શરૂઆતના તબક્કામાં મળેલા આ ભાવને સારો ભાવ ગણાવી ખેડૂત ગીરધરભાઈ સભાયાએ ખુશી વ્યક્ત કરી હતી. સામાન્ય ભાવની સરખામણીએ શરૂઆતમાં જ સારો ભાવ મળતા

અનુ પાના નં.૨ પર

# જામનગરની કોલેજીયન યુવતી લાપત્તા




**સમય સંદેશઃ જામનગર**

જામનગરના તળાવની પાળ વિસ્તારમાં દિગ્વિજય પ્લોટમાં રહેતી સ્નેહા હિતેશભાઈ ભીંડી નામની ૧૮ વર્ષીય યુવતી કોલેજ જવા માટે ઘરેથી નીકળ્યા બાદ પરત ન ફરતાં તેણીના પરિવારજનો ચિંતાતુર બન્યા છે, અને પોલીસમાં ગુમ થયાની નોંધ કરાવી છે.

પરિવારજનોએ પોલીસને જણાવ્યું હતું કે યુવતી સવારે આશરે સાડા આઠ વાગ્યે કોલેજ જવા માટે ઘરેથી નીકળી હતી. સામાન્ય રીતે તે સવારે આશરે ૧૧ વાગ્યે ઘરે પરત આવતી હતી, પરંતુ આ દિવસે પરત આવી ન હતી. પરિવારજનોએ કોલેજમાં તપાસ કરતાં યુવતી સવારે ૧૧ વાગ્યે કોલેજમાંથી નીકળી ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ તેના મિત્રવર્તુળ અને સગાસંબંધીઓમાં શોધખોળ કરવા છતાં કોઈ માહિતી મળી ન હતી. આથી પરિવારજનોએ સીટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની નોંધ કરાવી છે, અને પોલીસે યુવતીની શોધખોળ હાથ ધરી છે. પીએસઆઇ એન એમ ઝાલા તપાસ ચલાવી રહ્યા છે.

# જામનગરમાં પ્લે સ્કૂલમાં એસીમાં શોર્ટ સર્કિટથી આગઃ રૂ. ત્રણ લાખનું નુકસાન




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના એમ્યુઝમેન્ટ પાર્ક પાસે આવેલી 'લિટલ સ્ટાર પ્લે સ્કૂલ'માં ગઈકાલે સાંજે આશરે ૫:૪૦ વાગ્યાના સુમારે અચાનક ઇલેક્ટ્રિક શોર્ટ સર્કિટ થવાના કારણે એ.સી.માં આગ ભભકી ઉઠી હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી એક ગાડી વડે પાણીનો મારો ચલાવી આગ પર સંપૂર્ણપણે કાબૂ મેળવ્યો હતો. પ્લે સ્કૂલના માલિક ભરતભાઈ કરંગીયાના જણાવ્યા અનુસાર, આગના આ બનાવમાં અંદાજે રૂ. ૩ લાખનું આર્થિક નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે, જોકે ફાયર તંત્રની ત્વરિત કામગીરીથી મોટી હોનારત ટળી હતી.

# જામનગરમાં સ્કોલરશિપ મુદ્દે એબીવીપીનું વિરોધ પ્રદર્શનઃ ડીકેવી સર્કલ પાસે દેખાવો, પોલીસ દ્વારા કાર્યકરોની અટકાયત




જામનગરમાં એસસી, એસટી અને ઇડબ્લ્યુએસ કેટેગરીના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ હજુ સુધી ન મળતી હોવાના આક્ષેપ સાથે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ડી.કે.વી. સર્કલ ખાતે આક્રમક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ દેખાવોના પગલે સ્થાનિક પોલીસ કાફલો દોડી ગયો હતો અને વિરોધ કરી રહેલા અઇટ્ઠના કાર્યકરોની અટકાયત કરી હતી. આ પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થી પરિષદ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે સ્કોલરશિપ માટે પાત્ર વિદ્યાર્થીઓને તેમની બાકી રકમ તાત્કાલિક ચૂકવવામાં આવે, જેથી કરીને વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન આર્થિક મુશ્કેલીનો સામનો ન કરવો પડે. વિદ્યાર્થીઓના હિત અને સ્કોલરશિપના પ્રશ્નનું વહેલી તકે નિવારણ આવે તેવી ઉગ્ર માંગણી સાથે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

# જામનગર જિલ્લામાં ૯ સ્થળે જુગારના દરોડામાં ૫૧ ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં પોલીસે જુગાર પ્રવૃત્તિ સામે લાલઆંખ કરીને વિવિધ સ્થળે ૯ દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ૯ મહિલાઓ સહિત કુલ ૫૧ આરોપીઓને રોકડ રકમ અને મુદ્દામાલ સાથે પકડી પાડી તમામ સામે જુગારધારા હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સિટી એ ડિવિઝન પોલીસે દિગ્વિજય પ્લોટ-૫૬ માંથી શશીકાંત ગોરી, શંકરભાઇ ગજરા, ભાવેશ ગજરા અને દીપક હીરાણીને રૂા.૨૪૭૦ ની રોકડ સાથે પકડ્યા હતા. જ્યારે સિટી સી ડિવિઝને ગોકુલનગરના અયોધ્યાનગરમાંથી સકરબેન પુંજાણી, મીનાબેન સોલંકી, કિરણ બામણીયા, શબાનાબેન ડોમણ અને દિપકસિંહ જાડેજાને રૂા.૧૨,૨૫૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતા. આ ઉપરાંત કાલાવડ ગ્રામ્ય પોલીસે લલોઇ ગામેથી રૂપસીંગભાઇ સાડમીયા, રામજીભાઇ સાડમીયા, પુનાભાઇ વાઘેલા, સંજયભાઇ સાડમીયા, રાયધનભાઇ વાઘેલા, ભાવેશભાઇ સાડમીયા અને કિશોરભાઇ સાડમીયાને રૂા.૨૦૭૦ સાથે અને મેઘપર પોલીસે જોગવડ ગામેથી સુખદેવસિંહ ઝાલા તથા રાજુભાઇ કરમુરને રૂા.૧૩,૨૫૦ ની રોકડ સાથે પકડી પાડ્યા હતા.

બીજી તરફ, સિટી એ ડિવિઝન પોલીસે મોહનનગર આવાસમાંથી દીપ ચીકની, રાજેશભાઇ સેતાપરીયા, જોસનાબેન જાખરીયા, દીપાબેન સોલંકી, નીધીબેન મહેતા, જયોતીબેન ચૌહણ અને નેહાબેન મહેતાને રૂા.૧૦,૨૫૦ ની રોકડ સાથે અટકાયત કરી હતી. સિટી સી પોલીસે રણજીતનગર જૂનો હુડકોમાંથી સુરેશભાઇ પરીયાણી, કિશોર ઉર્ફે કિશન રાઠોડ, રોહિત ગોસ્વામી, રઝાક મકરાણી, અહેમદ હુસેન ઉર્ફે અક્રમ સફીયા, રાજેશ ડોણસીયા, દર્શન સોમૈયા, રાજ ગણાત્રા અને જયપાલસિંહ પરમારને રૂા.૧,૦૫,૩૭૦ ના મુદ્દામાલ સાથે ઝડપ્યા હતા.

પંચકોષી બી ડિવિઝન પોલીસે દડિયા ગામના રામ મંદિર ચોકમાંથી રાજુભાઈ નંદા, પ્રૃથ્વીરાજ ચૌહાણ, અનીલભાઈ ધાવતર, ડાયાભાઈ ધ્રાંગીયા, કિશોરભાઈ સોલંકી, હર્ષદભાઈ લખીયર, સંદીપભાઈ નંદા અને બાબુભાઈ ધ્રાંગીયાને રૂા.૪૫,૫૪૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતા. તેમજ લાલપુર પોલીસે સણોસરી ગામના પાદરમાંથી દેવરખીભાઇ ડાંગર, મુકેશભાઈ ખોડભાયા, ભરતભાઇ ખોડભાયા, રમેશભાઇ ખવા, છગનભાઇ વાઘ અને મુકેશભાઇ વાઘને રૂા.૪૨૨૦ સાથે તથા સનોસરા ગામના પાદરમાંથી કુલદિપ ગાગલીયા, આષીશ ગાગલીયા અને જીગ્નેશ ગાગલીયાને રૂા.૧૦,૩૮૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતા.

# જામનગર તાલુકાના અલિયાની સીમમાંથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ




**સમય સંદેશઃ જામનગર**

પંચકોષી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફને બાતમી મળી હતી કે, જામનગર તાલુકાના અલીયા ગામના વિરાણી ચોક પાસે રહેતો અજય રામાભાઈ મકવાણા પોતાની કબજાની અલીયા ગામની સીમમાં નવોદય શાળા પાછળ આવેલી વાડીની ઓરડીમાં ગેરકાયદેસર દેશી દારૂ બનાવવાની પ્રવૃત્તિ કરે છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડતા દેશી દારૂ બનાવવાની

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં આગામી ઈદ અને રક્ષાબંધનના પર્વને અનુલક્ષીને પોલીસ એક્શન મોડમાં

## ઈદ-એ-મિલાદના તહેવાર નિમિત્તે જામનગર એસપીના અધ્યક્ષસ્થાને શાંતિ સમિતિની બેઠક યોજાઈ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં આગામી તા.૨૬-૦૮-૨૦૨૬ અને તા ૨૮-૮-૨૦૨૬ ના રોજ ઈદે-મિલાદ તેમજ રક્ષાબંધન જેવા ધાર્મિક તહેવારો આવતા હોય જામનગર પોલીસ સર્તક બની છે. બન્ને ધાર્મિક તહેવારો સંદર્ભે શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને લોકોમાં ખોટો ભય "ન" ફેલાય તેવા હેતુ સાથે જામનગર શહેરમાં પોલીસ તંત્ર દ્વારા ફ્લેગમાર્ચ હાથ ધરાયું હતું.




જેમાં જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની ની સુચના થી જામનગર શહેર વિભાગ ના નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલા ના માર્ગદર્શન હેઠળ સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ના પીઆઇ વી.એમ.ડોડીયા ની અધ્યક્ષતામાં ફ્લેગમાર્ચ યોજાયો હતો. જેમાં દરબારગઢ પોલીસ ચોકી ના પીએસઆઇ વી.આર.ગામેતી, પીએસઆઇ એમ.એન.રાઠોડ, પીએસઆઇ

અનુ પાના નં.૨ પર

# લખતર ઓવરબ્રીજ પાસે ઇકો પલ્ટી જતા ઘવાયેલ વૃદ્ધાનું સારવાર દરમ્યાન મોત

**સમય સંદેશઃ જોડિયા**

જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના લખતર ઓવરબ્રિજ નજીક ધ્રોલ-માળીયા હાઇવે પર ઇકો કાર પલટી જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ઇકો કારમાં સવાર ૬૨ વર્ષીય મહિલાને ગંભીર ઇજાઓ પહોંચતા સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું, જ્યારે અન્ય એક મહિલાને પણ ઇજાઓ થતાં સારવાર આપવામાં આવી હતી. બનાવને પગલે જોડીયા પોલીસ દ્વારા ઇકો કારના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે.

તા.૨૧ ઓગસ્ટના બપોરના સાડા ત્રણેક વાગ્યાના અરસામાં જીરાગઢથી ઇકો ફોરવ્હીલર મારફતે જામનગર તરફ પરિવારજનો અને અન્ય મહિલાઓ જઈ રહ્યા હતા. ઇકો કાર લખતર ગામના પુલ પાસે ધ્રોલ-માળીયા હાઇવે પર પહોંચી ત્યારે અચાનક કારનું ટાયર ફાટી ગયું હતું.

ટાયર ફાટતાં ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને ઇકો કાર ધડાકાભેર પલટી મારી ગઈ હતી. અકસ્મતમાં ઇકો કારમાં સવાર કંચનબેન ખીમજીભાઈ રાઠોડ (ઉ.વ.૬૨)ને માથાના તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઇજાઓ પહોંચી હતી.

અકસ્માત બાદ તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજતાં પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. જ્યારે સાથે સવાર સોનાબેનને પણ છોલછાલ સહિતની ઇજાઓ પહોંચી હતી.

આ બનાવ અંગે ખીમજીભાઈ દેવજીભાઈ રાઠોડ (ઉ.વ.૬૨), રહે. શંકર ટેકરી, વલ્લભનગર, જામનગર દ્વારા જોડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદના આધારે પોલીસે ઇકો કાર નં. GJ-13-AH-4907ના ચાલક કેતન સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જામનગરના સચાણામાં ગેરકાયદે માટીની હેરફેર ઝડપી લેતી પોલીસ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર ગ્રામ્ય વિભાગના નાયબ પોલીસ અધિક્ષક પિયુષ વાંદાના માર્ગદર્શન હેઠળ ખાણ-ખનીજ ચોરી તેમજ રોયલ્ટી કે જરૂરી આધાર પુરાવા વગર ખનીજ વહન કરતા વાહનો સામે કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

જે સૂચના અંતર્ગત પંચકોષી 'એ' ડિવિઝન પોલીસ મથકના પીઆઈ આઈ.એ. ઘાસુરાની આગેવાની હેઠળ પોલીસ સ્ટાફે બાતમીના આધારે સચાણા ગામમાં ધક્કા નંબર-૧૩ નજીક દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન કોઈ




આધાર પુરાવા કે લેખિત મંજૂરી વગર બિનઅધિકૃત રીતે માટીનું ખનન કરવામાં આવતું હોવાનું સામે આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી માટીની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાતા ત્રણ વાહનો ઝડપી પાડ્યા હતા.

પોલીસે GJ-10-DJ-6477, GJ-10-DA-6450 A"i GJ-10-CE-6218 નંબરના વાહનો કબજે કરી ખાણ-ખનીજ વિભાગને જાણ કરી હતી. બિનઅધિકૃત ખનન અંગેની કાયદેસરની કાર્યવાહી માટે ત્રણેય વાહનો તેમજ સંલગ્ન કાર્યવાહી

અનુ પાના નં.૨ પર

# જામનગરના નવાગામ ઘેડમાંથી દેશી પિસ્તોલ સાથે ફલ્લાનો યુવક ઝડપાયો




**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં ગેરકાયદે હથિયારનું દૂષણ વધતું હોય તેમ તાજેતરમાં શહેરના મહાપ્રભુજીની બેઠક નજીક આવેલ સલીમબાપુની દરગાહ પાસે આવેલા ખોડીયાર સોસાયટી વિસ્તારમાં એલસીબીની ટીમે દરોડો પાડી એક શખ્સને દેશી બનાવટની પિસ્ટલ, રિવોલ્વર અને તમંચા સહિતના હથિયારો સાથે ઝડપી લીધો હતો. ત્યારબાદ નવાગામ ઘેડ વિસ્તારમાંથી પોલીસે દરોડો પાડી દેશી બનાવટની પિસ્તોલ અને એક કાર્ટીસ સાથે એક યુવાનને ઝડપી પાડ્યો હતો.

જામનગર નજીકના ફલ્લા ગામે રામ મંદિર પાસે રહેતા રાજેશ ઉર્ફે

અનુ પાના નં.૨ પર



# જામકલ્યાણપુરનાં ભાટીયાનો શખ્સ દેશી બંદુક સાથે ઝબ્બે

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામે રહેતા પ્રવીણ જોધાભાઈ ભોચીયા નામના ૩૫ વર્ષના શખ્સને એસ.ઓ.જી. પોલીસે રૂ. ૧,૫૦૦ ની કિંમતની જામગરી બંદૂક સાથે નંદાણા ગામની ઢેબા સીમ વિસ્તારમાં જંગલી જાળીમાં જંગલી પશુઓનો શિકાર કરવા નીકળતા બાતમીના આધારે ઝડપી લઈ, ગુનો નોંધ્યો હતો. આ સમગ્ર કાર્યવાહી એસ.ઓ.જી. વિભાગના પી.આઈ. વી.એ. રાણાના માર્ગદર્શન હેઠળ સ્ટાફના ઈરફાનભાઈ ખીરા, સજુભા જાડેજા વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

# જામનગર તાલુકાના ચેલામાંથી કેબલની ચોરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના ચેલા ગામની સીમ વિસ્તારમાં આવેલી વાડીઓમાંથી અજાણ્યા તસ્કરો ઇલેક્ટ્રિક મોટરમાં ફીટ કરેલા કુલ ૬૩૫ ફૂટ કેબલ વાયરની ચોરી કરી ફરાર થઈ જતા પંચ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ, તા.૮ ઓગસ્ટ ૨૦૨૬ના સવારે આશરે ૬ વાગ્યાના સમયગાળા દરમિયાન ચેલા ગામની સીમમાં ફરિયાદી અરવિંદભાઈ માધવજીભાઈ નકુમ (ઉ.વ.૪૦, રહે. ચેલા, તા.જી. જામનગર) તથા સાહેદોની વાડીને અજાણ્યા ચોર શખ્સોએ નિશાન બનાવી હતી.

ચોરોએ વાડીમાં પ્રવેશ કરી ઇલેક્ટ્રિક મોટરમાં ફીટ કરેલા ૬ એમ.એમ.ના કુલ ૮૫ ફૂટ કેબલ વાયર, કિંમત રૂ.૯,૩૫૦ તથા ૪ એમ.એમ.ના કુલ ૫૫૦ ફૂટ કેબલ વાયર, કિંમત રૂ.૪૪,૦૦૦ મળી કુલ ૬૩૫ ફૂટ કેબલ વાયર, કિંમત રૂ.૫૩,૩૫૦ની ચોરી કરી નાસી ગયા હતા. આ અંગે ફરિયાદી અરવિંદભાઈ નકુમે પંચ 'બી' ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યા શખ્સો વિરુદ્ધ તપાસ હાથ ધરી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com